આણંદ અમૂલમાં નવા ચેરમેનની નિમણૂંક બાદ પ્રથમ બોર્ડ બેઠક યોજાઇ

અમૂલ દ્વારા સેક્સ - સોર્ટેડ સિમેનના ભાવ 50 ટકા સુધી ઘટાડી ₹ 25 કરાયા

દૂધ ઉત્પાદકોને માત્ર ૩.25માં ડોઝ ઉપલબ્ધ કરાવવા એકમતથી મંજુરી મળી

(પ્રતિનિધિ) આણંદ તા.1

આણંદ સ્થિત ખેડા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. (અમૂલ ડેરી)ની પ્રથમ બોર્ડ બેઠકમાં સેક્સ - સોર્ટેડ સિમેનમાં 50 ટકાનો ભાવ ઘટાડવા નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણયથી ખેડા, આણંદ અને મહિસાગર જિલ્લાના પશુપાલકોને ફાયદો થશે.

ખેડા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. (અમૂલ ડેરી) ના ચેરમેન સાભેસિંહ પરમારની હાજરીમાં પ્રથમ બોર્ડ બેઠક મળી હતી. આ બેઠકમાં આણંદ,. ખેડા અને મહિસાગર જિલ્લાના દૂધ ઉત્પાદકોને માત્ર રૂ.25માં સેક્સ - સોર્ટેડ ડોઝ ઉપલબ્ધ કરાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જે અગાઉ કરતા 50 ટકા ઓછો ભાવ છે. હાલ બજારમાં સેક્સ - સોર્ટેડ સિમેનની કિંમત રૂ. એક હજારથી પાંચ હજાર પ્રતિ ડોઝ ચાલે છે. આ સેક્સ - સોર્ટેડ સિમેન ડોઝ જે નોર્મલ સિમેન ડોઝ કરતા અલગ હોય છે. જેના થકી 85 ટકાથી વધુ પાડી - વાછરડીનો જ જન્મ થાય છે. આ પહેલ અમૂલ ડેરીના કાર્યક્ષેત્રમાં આવેલા ગાય - ભેંસ માટેની દીર્ઘકાલીન જિનેટિક અપગ્રેડેશન યોજનાનો ભાગ છે, જેના છેલ્લા પાંચ વર્ષના પ્રયાસોના પરિણામે દૂધ ઉત્પાદન અને દૂધ સંપાદનમાં નોંધપાત્ર વધારો થયો છે.

આ અંગે ચેરમેન સાભેસિંહ પરમારે જણાવ્યું હતું કે, અમૂલ ડેરી હવે મિલ્કશેડ વિસ્તારમાં દૂધ ઉત્પાદકો માટે ફિલ્ડ આધારિત એમ્બ્રિયો ટ્રાન્સફર સેવા પણ શરૂ કરશે. આગામી પાંચ વર્ષમાં 10 હજાર ફિલ્ડ ઈટી કરવાનો લક્ષાંક નક્કી કરવામાં આવ્યો છે. જેના દ્વારા ઉત્તમ માદા વંશને પ્રોત્સાહન મળી જિનેટિક પ્રગતિ વધુ ઝડપથી થશે અને પેઢી વચ્ચેનો સમય ઘટશે. આ બંને નવીન પહેલો - પરવડી શકે તેવો સેક્સ - સોર્ટેડ સિમેન અને ઝડપી ફિલ્ડ ઈટી સેવાઓ - પશુઓની દૂધ ઉત્પાદન ક્ષમતા વધારશે, જેથી દૂધ ઉત્પાદકોની આવકમાં વધારો થશે.

પશુની જિનેટિક ગુણવત્તા સુધારાશે

'અમૂલ ફ્રિલ્મ લેવલે સેક્સ - સોર્ટેડ સિમેનનો ઉપયોગ કરનારી દેશભરમાં અગ્રગણ્ય સંસ્થા છે. અમે દૂધ ઉત્પાદકો સાથે નજીકથી કામ કરીને પશુઓની જિનેટિક ગુણવત્તા સુધારી અને દૂધ ઉત્પાદન વધારી રહ્યા છીએ. વર્ષ 2021થી અત્યાર સુધીમાં અમૂલ ખેડા, આણંદ અને મહિસાગર જિલ્લામાં સભાસદોના ઘર આંગણે 10 લાખથી વધુ સેક્સ - સોર્ટેડ સિમેન ડોઝનો ઉપયોગ કર્યો છે, સ્થાનિક પશુધનમાં ઝડપી જિનેટિક પ્રગતિ નોંધાઇ છે.' **- સાભેસિંહ પરમાર, ચેરમેન, અમૂલ ડેરી.**

સારસા અને મોગરમાં બ્રિડિંગ સેન્ટર બનશે

અમૂલ ડેરી પોતાના વાછરડી ઉછેર પ્રોજેક્ટસ અને બ્રીડિંગ સેન્ટરનું વિસ્તરણ કરી રહી છે. સારસા ખાતે એક હજાર પશુ ક્ષમતા અને મોગર સ્થિત બોવાઇન બ્રીડિંગ સેન્ટર ખાતે 650 પશુ ક્ષમતા ધરાવતા શેડનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. દૂધ ઉત્પાદકોને વધુ સહાય આપવા માટે ઉંદેલ, વિરપુર અને બાલાસિનોર ખાતે નવા કાફ રિયરિંગ સેન્ટર સ્થાપવાની યોજના છે, જેમાં ઉંદેલ ખાતેનું કામ પહેલેથી જ શરૂ થઇ ગયું છે.

આણંદ કલેક્ટરે ઓમકારેશ્વર બાગની લીધી આકસ્મિક મુલાકાત

આણંદ કલેક્ટરે વોટર ATMનું પાણી પી જાતે ચકાસણી કરી

તળાવ પાસે લાઈટિંગ અને સાફ-સફાઈ વધારવા સૂચના આપી

(પ્રતિનિધિ) આણંદ તા.1

આણંદ કલેક્ટર પ્રવીણ ચૌધરીએ શહેરના જાણીતા જાહેર સ્થળોની સ્થિતિ જાણવા માટે લોટેશ્વર તળાવ અને ઓમકારેશ્વર બાગની આકસ્મિક મુલાકાત લીધી હતી. આ મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ્ય નાગરિકોને મળતી પાયાની સુવિધાઓ અને જાહેર સ્થળોની જાળવણીની સ્થિતિની વ્યક્તિગત રીતે સમીક્ષા કરવાનો હતો.

આણંદ કલેક્ટર પ્રવિણ ચૌધરીએ લોટેશ્વર તળાવના નવીનીકરણ અને જાળવણી અંગે મહાનગરપાલિકાની ટીમને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. તેમણે ખાસ સૂચના આપી હતી કે, તળાવની આસપાસના વિસ્તારમાં ચુસ્ત સાફ-સફાઈ રાખવી અને નાગરિકોની સુરક્ષા માટે ફૂટપાથ પર પૂરતું લાઈટિંગ લગાવવું જેથી રાત્રિના સમયે મુલાકાતીને સુવિધા રહેશે.

વોટર ATMની ગુણવત્તાની પ્રત્યક્ષ ચકાસણી એક સક્રિય વહીવટદાર તરીકે ઉદાહરણ પૂરું પાડ્યું હતું. કલેક્ટરે બાગમાં મુકવામાં આવેલા વોટર એટીએમમાંથી જાતે પાણી પીને તેની શુદ્ધતાની ચકાસણી કરી હતી. તેમણે અધિકારીઓને તાકીદ કરી હતી કે નાગરિકોને આપવામાં આવતું પીવાનું પાણી હંમેશા શુદ્ધ અને ગુણવત્તાયુક્ત રહે તે સુનિશ્ચિત કરવા જણાવ્યું હતું. આ મુલાકાત સમયે નાયબ મ્યુનિ. કમિશનર નિલાક્ષ મકવાણા, એસ.કે. ગરવાલ હાજર રહ્યાં હતાં.

બાગમાં વરિષ્ઠ નાગરિકો સાથે વાતચીત કરી

આણંદના ઓમકારેશ્વર બાગમાં રમી રહેલા બાળકો અને ત્યાં બેઠેલા વરિષ્ઠ નાગરિકો સાથે સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં વાતચીત કરી હતી. તેમણે બાગની જાળવણી, પીવાના પાણીની સુવિધા અને સ્વચ્છતા અંગે પ્રત્યક્ષ પ્રતિભાવો મેળવ્યા હતા. મનપા દ્વારા કરવામાં આવેલી કામગીરીથી સંતોષ વ્યક્ત કરી તેમણે સંબંધિત ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

આણંદ પાસે ટ્રકની ટક્કરે વીજ કંપનીના કર્મીનું મોત

નાઈટ શિફ્ટની ફરજ પર જઈ રહેલા યુવકને સારસા-વાસદ રોડ પર કાળ ભરખી ગયો

(પ્રતિનિધિ) આણંદ તા.1

આણંદ નજીકના સારસા-વાસદ રોડ પર માનબા માતાના મંદિર નજીક પુરપાટ ઝડપે ધસી આવતી એક ટ્રકે મોટરસાયકલને સામેથી જોરદાર ટક્કર મારતા એક ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં મોટરસાયકલ ચાલક યુવકનું ગંભીર ઈજાઓને કારણે કરુણ મોત નીપજ્યું છે.

આણંદના સારસામાં રહેતા અને વાસદ એમજીવીસીએલમાં લાઇનમેન તરીકે ફરજ બજાવતા ગુલાબસિંહ છગનભાઇ પારગી 31મી ડિસેમ્બર,2025ના રોજ રાત્રિના સમયે પોતાની મોટરસાયકલ લઈને નાઈટ શિફ્ટની નોકરી માટે વાસદ જઈ રહ્યા હતા. રાત્રિના આશરે સવા નવ વાગ્યાના સુમારે જ્યારે તેઓ સારસા-વાસદ રોડ પરથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે સામેથી આવતી એક ટ્રકે (નંબરઃ જીજે-03-એએક્સ-5011) બેફિકરાઈથી ચલાવી તેમની બાઇકને અડફેટે લીધી હતી. આ અકસ્માતમાં ગુલાબસિંહને ગંભીર ઈજા પહોંચતાં તાત્કાલિક સારસાની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમને મૃત્યુ પામેલા જાહેર કર્યાં હતાં. આ અંગે ખંભોલજ પોલીસે ટ્રક ચાલક સામે ગુનો નોંધ્યો હતો.

ટેલિગ્રામ પર મેસેજ મોકલી વિશ્વાસ સંપાદિત કર્યા બાદ રોકાણ કરાવી ગઠિયાઓએ ઠેંગો બતાવ્યો

આણંદના બેન્ક કર્મીએ ગૂગલ રિવ્યૂ ટાસ્કના નામે 11.45 લાખ ગુમાવ્યાં

નફો બતાવી ગઠિયાઓએ છેતરપિંડી આચરી

(પ્રતિનિધિ) આણંદ તા.1

આણંદ શહેરમાં સાયબર ક્રાઈમની વધુ એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જેમાં ગૂગલ રિવ્યૂ ટાસ્કના નામે એક શખસ સાથે 11,45,566ની છેતરપિંડી આચરવામાં આવી છે. ભોગ બનનાર શખસે રોકાણના નામે લાખોનું આંધણ કર્યું હતું, પરંતુ જ્યારે તેમણે પોતાના પૈસા પાછા મેળવવાની ઈચ્છા દર્શાવી ત્યારે ગઠિયાઓએ વધુ નાણાંની માંગણી કરી હતી.

આણંદમાં રહેતા પાર્થ ગોવિંદપ્રસાદ શાહ ખાનગી કંપનીમાં લોન ઓફિસર તરીકે ફરજ બજાવે છે. તેઓ 2જી સપ્ટેમ્બર,2025ના રોજ ટેલિગ્રામ એપ્લિકેશનનો ઉપયોગ કરી રહ્યા હતા, ત્યારે તેમને બે અલગ-અલગ યુઝર આઈડી પરથી ગૂગલ રિવ્યૂ ટાસ્ક માટેના મેસેજ આવ્યા હતા. જેમાં રિવ્યૂ આપવાના બદલામાં પૈસા આપવાની લાલચ આપવામાં આવી હતી. પાર્થ શાહે ગઠિયાઓ દ્વારા આપવામાં આવેલા ચાર ટાસ્ક પૂર્ણ કરતા, તેમના બેંક ખાતામાં 1,203 જમા થયા હતા, જેનાથી તેમને આ કામગીરી પર ભરોસો બેઠો હતો.

બાદમાં ગઠિયાઓએ પાર્થને પોતાની માયાજાળમાં ફસાવવા માટે નવું યુઝર એકાઉન્ટ બનાવડાવ્યું હતું અને હોટેલ-કેફેના રિવ્યૂ આપવાની સાથે 'યુનોકોઇન' સોફ્ટવેરમાં રોકાણ કરવાનો ટાસ્ક આપ્યો હતો. પાર્થ શાહે અલગ-અલગ તારીખોએ વિવિધ યુપીઆઈ આઈડી દ્વારા કુલ 11,45,566નું રોકાણ કર્યું હતું. સોફ્ટવેરમાં આ રોકાણની સામે તેમને 14,24,811 જેટલો નફો થયો હોવાનું દેખાડવામાં આવતું હતું. જોકે, પાર્થે પોતાનો નફો અને રોકાણ કરેલી રકમ ઉપાડવાની કોશિશ કરી, ત્યારે ગઠિયાઓએ એવું બહાનું કાઢ્યું કે 'સ્મોલ ચેનલ' બંધ થઈ ગઈ છે. આ રકમ મેળવવા માટે 'લાર્જ ચેનલ' ઓપન કરવાના નામે ગઠિયાઓએ બીજા 8 લાખ ભરવાનો ટાસ્ક આપ્યો હતો. આ તબક્કે પાર્થ શાહને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થતાં તેમણે તુરંત જ સાયબર હેલ્પલાઈન 1930 પર ફરિયાદ નોંધાવી હતી. આણંદ ટાઉન પોલીસે હાલ ગઠિયાઓ સામે ગુનો નોંધી યુપીઆઈ આઈડીના આધારે તપાસ તેજ કરી છે.

આણંદમાં 80.95 લાખના દારૂ સાથે કન્ટેનર પકડાયું

સામરખા પાસે રાકેલા કન્ટેનરમાં મકાઈના ભુસાની આડમાં દારૂ છુપાવ્યો હતો

(પ્રતિનિધિ) આણંદ તા.1

આણંદ રૂરલ પોલીસે સામરખા એચ.એલ. પટેલ હાઈસ્કૂલ સામે અજરપુરા રોડ પર એક શંકાસ્પદ કન્ટેનરની તપાસ કરતા તેમાંથી 80.95 લાખની કિંમતની વિદેશી દારૂની કુલ 11,616 બોટલો મળી આવી હતી. પોલીસે દારૂ અને કન્ટેનર સહિત કુલ 1,01,78,700નો મુદ્દામાલ કબજે કર્યો છે.

આણંદ રૂરલ પોલીસ 31મી ડિસેમ્બરને લઈને વોચમાં હતી, ત્યારે બાતમી મળી હતી કે સામરખા પાસે અજરપુરા રોડ પર એક કન્ટેનરમાં મકાઈના ભુસાની આડમાં દારૂ છુપાવ્યો છે. પોલીસે પ્લાન કરી પંજાબ પાસિંગના કન્ટેનરને કોર્ડન કરી તેના ચાલક ગુરુદેવસીંગ નવાબસીંગ ગીલ (રહે. પંજાબ) ને દબોચી લીધો હતો. કન્ટેનરની તપાસ કરતા મકાઈના ફ્લેક્સની ગુણોની પાછળ સંતાડેલા દારૂના બોક્સ મળી આવ્યા હતા. જેમાં પકડાયેલા આરોપીની પૂછપરછમાં સામે આવ્યું કે તેના ભત્રીજા ગુરુજનસીંગે પંજાબથી આ જથ્થો ભરી આપ્યો હતો અને ગૂગલ લોકેશનના આધારે તે અહીં પહોંચાડવા આવ્યો હતો. હાલમાં પોલીસે દારૂ મોકલનાર અને મગાવનાર તમામ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

આણંદમાં દબાણકારો અને મનપાની ટીમ વચ્ચે તૂતૂમેંમેં થઇ

કરમસદ આણંદ મહાનગરપાલિકાની ટીમ દ્વારા છેલ્લા કેટલાક દિવસોથી શહેરમાં કાચા પાકા દબાણો હટાવવા સાથે સાથે લારી ગલ્લા અને દુકાનોના દબાણો કરવા સામે પણ કાર્યવાહી કરવામાં આવી રહી છે. ત્યારે ગુરુવારે આણંદના સુપરમાર્કેટ, ટુંકી ગલી અને શાકમાર્કેટ, અમુલ રોડ પર મનપા ટીમ દ્વારા પોલિસ બંદોબસ્ત સાથે લારી ગલ્લા વાળા અને દુકાનદારોના દબાણો મામલે મનપાનુ કડક વલણ અપનાવી કાર્યવાહી કરવામાં આવી હતી. જોકે કેટલાક સ્થળોએ મનપા કર્મચારીઓ અને લારી ગલ્લા વાળા તેમજ દુકાનદારો વચ્ચે ઘર્ષણની સ્થિતિ સર્જાઈ હતી. જોકે સામાન્ય બોલચાલી છતાં મનપાની કામગીરી યથાવત રહી હતી.

બોરીયાવી જાહેરમાં ચાલતો આંકડાનો જુગાર ઝડપાયો

એલસીબીએ ત્રણ શખ્સોને પકડી રોકડ સહિત કુલ 15,380નો મુદ્દામાલ જપ્ત કર્યો

(પ્રતિનિધિ) આણંદ તા.1

આણંદ લોકલ ક્રાઈમ બ્રાંચે બાતમીના આધારે બોરીયાવી ગામે સરકારી દવાખાના પાસે ખુલ્લી જગ્યામાં ચાલતા આંકડાના જુગાર પર છાપો મરી ત્રણ જુગારીઓને રંગેહાથ ઝડપી પાડ્યા હતાં.

આણંદ એલસીબીને બાતમી મળી હતી કે, બોરીયાવી ગામના સોનીયાની કુઇ સરકારી દવાખાના પાસે જુગારની પ્રવૃત્તિ ચાલી રહી છે. આ બાતમીના આધારે પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી ત્યારે મનીષાબેન રણજીત પરમારના મકાન બહાર જુગાર રમાઈ રહ્યો હતો. પોલીસને જોઈ આંકડો લખનાર શખ્સ ડાયરી અને થેલી ફેંકીને ત્યાંથી ભાગી ગયો હતો, જોકે પોલીસે અન્ય ત્રણ ઈસમોને કોર્ડન કરીને ઝડપી લીધા હતા.

આ અંગે પોલીસે સ્થળ પરથી વરલી મટકાના આંકડા લખેલી ડાયરી, કાર્બન પેપર અને રોકડ રૂ. 6830 કબજે કર્યા હતા. આ સાથે જ પોલીસે કુલ રૂ. 15,380નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. જ્યારે મુસ્તફા અબ્દુલકરીમ કુરેશી (રહે. ભાલજ), રમેશ ડાહ્યા ઠાકોર (રહે. સામરખા), ચેતન નારણદાસ ખૈની (રહે. આણંદ)ની અટક કરી હતી. જ્યારે 5 સામે ગુનો નોંધ્યો હતો.

કનેવાલ તળાવના ટાપુઓ પરથી 35 દબાણ હટાવાયા

તળાવના અંતરિયાળ વિસ્તારમાં મકાનો બનાવીને રહેતા હતાં

(પ્રતિનિધિ) તારાપુર તા 1

તારાપુરના કનેવાલ તળાવમાં સિંચાઈ વિભાગ દ્વારા દબાણ હટાવવાની મોટી કાર્યવાહી કરવામાં આવી છે. તળાવની વચ્ચે આવેલા બે ટાપુઓ પરથી 35 જેટલા કાચા-પાકા દબાણો દૂર કરવામાં આવ્યા હતા. આ કાર્યવાહી સરકારના તળાવ વિકાસ પ્રોજેક્ટના ભાગરૂપે હાથ ધરવામાં આવી હતી. તળાવા અંતરિયાળ વિસ્તારમાં ટાપુ જેવા ખુલ્લા વિસ્તારમાં કાચા પાકા મકાનો બનાવીને રહેણાંક હેતુસર ઉપયોગ કરવામાં આવતો હતો. જોકે હવે આ બિનઅધિકૃત વસવાટ સામે સિંચાઇ વિભાગ દ્વારા કાર્યવાહી કરવામાં આવતાં ફફડાટ વ્યાપ્યો છે.

રેલ અને વલ્લી નજીકના કનેવાલ તળાવના બે ટાપુઓ પર કેટલાક ઈસમો દ્વારા વર્ષોથી અનઅધિકૃત રીતે ઘરો બાંધવામાં આવ્યા હતા. આ ઉપરાંત આશરે 100 વીઘા જેટલી જમીનમાં ગેરકાયદેસર ખેતી પણ કરવામાં આવતી હતી. સિંચાઈ વિભાગે આ દબાણો હટાવવા માટે 8 હિટાચી મશીનનો ઉપયોગ કર્યો હતો. દબાણ હટાવવાની આ કામગીરી દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

સરકાર દ્વારા હાલ કનેવાલ તળાવમાં વિકાસના પ્રોજેક્ટ અંતર્ગત તળાવને ઊંડું કરવાની, રીમોડલિંગ કરવાની અને તળાવના પાળાના નવીનીકરણની કામગીરી ચાલી રહી છે. તળાવ વિસ્તારમાંથી તાત્કાલિક અસરથી દબાણો હટાવવા પગલે વર્ષોથી વસવાટ કરતા લોકોને સ્થળાંતર કરવું પડ્યું હતું. જોકે આ દબાણ હટાવવાની કામગીરી પોલિસ બંદોબસ્ત હેઠળ શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થઈ હતી.

નડિયાદના યુવકે કેન્દ્ર સરકારના ઐતિહાસિક નિર્ણયો પેઇન્ટીંગમાં કંડાર્યા

સતિષ પાટીલે કેન્દ્રીય મંત્રી અમિત શાહને પેઇન્ટિંગ અર્પણ કર્યું

કૃતિ બનાવતા કલાકારને આશરે 7 મહિના જેટલો લાંબો સમય લાગ્યો

(પ્રતિનિધિ) નડિયાદ, તા.1

નડિયાદના જાણીતા કલાકાર સતિષ પાટીલે ભારત સરકારના ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહના દેશહિતના કાર્યોને દર્શાવતું વિશેષ પેઇન્ટિંગ તૈયાર કરીને તેમને અર્પણ કર્યું હતું. રાજ્યસભા સાંસદ નરહરિ અમીન અને ધારાસભ્ય પંકજભાઈ દેસાઈના માર્ગદર્શન હેઠળ તૈયાર કરવામાં આવેલા આ પેઇન્ટિંગમાં અમિત શાહને અખંડ ભારતના મજબૂત રક્ષક તરીકે દર્શાવવામાં આવ્યા છે. આ કલા કૃતિ બનાવતા કલાકારને આશરે 7 મહિના જેટલો લાંબો સમય લાગ્યો હતો અને પેઇન્ટિંગને સંકલ્પથી સિદ્ધિ નામ આપ્યું છે.

આ આકર્ષક પેઇન્ટિંગમાં કેન્દ્ર સરકાર દ્વારા લેવામાં આવેલા ઐતિહાસિક નિર્ણયો અને સિદ્ધિઓને કલાત્મક રીતે વણી લેવામાં આવી છે. જેમાં મુખ્યત્વે જમ્મુ કાશ્મીરમાંથી કલમ 370 અને 35A રદ કરવી, વકફ બોર્ડ સુધારણા કાયદો, દેશમાં આતંકવાદમાં આવેલો ઘટાડો અને નાગરિકતા સુધારા કાયદો એટલે કે CAA-2019 જેવી મહત્વની બાબતોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત મહિલા સુરક્ષા માટે શરૂ કરવામાં આવેલી ઇમરજન્સી રિસ્પોન્સ સપોર્ટ સિસ્ટમ 112 અને જમ્મુ કાશ્મીરમાં શાનથી લહેરાતા તિરંગાને પણ આ પેઇન્ટિંગમાં સ્થાન આપીને અમિત શાહની સંગઠનાત્મક અને વહીવટી શક્તિને બિરદાવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે નડિયાદના કલાકાર સતિષ પાટીલ અગાઉ પણ પોતાની અનોખી કલાના કારણે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ખ્યાતિ મેળવી ચૂક્યા છે. તેમણે પેન્સિલના 10 કરોડ ટપકાંનો ઉપયોગ કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું પેઇન્ટિંગ બનાવીને વર્લ્ડ રેકોર્ડ સ્થાપિત કર્યો હતો. હવે તેમના દ્વારા તૈયાર કરવામાં આવેલું આ નવું પેઇન્ટિંગ અમિત શાહના નેતૃત્વમાં દેશમાં થયેલા પરિવર્તનોને એક જ ફ્રેમમાં રજૂ કરે છે. આ પ્રસંગે નરહરિ અમીન સહિતના અગ્રણીઓની ઉપસ્થિતિમાં કલાકારની આ મહેનતને વધાવવામાં આવી હતી.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ.	ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225